# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका  Bajkhedawal Patrika


વર્ષ : ૧૭  
અંક : ૪

૨૦૨૩ : એપ્રિલ  
માસિક : રૂ. ૫/–



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જીજ્ઞેશભાઈ અરવિંદભાઈ દવે | અમદાવાદ | ૪૮૮૫ |
| ૨. | શ્રી વિનિતભાઈ વિનોદકુમાર ખંભોળજા | ડાકોર | ૪૮૮૬ |
| ૩. | શ્રી જયેશભાઈ વી. શેલત | નડિયાદ | ૪૮૮૭ |
| ૪. | શ્રી અભિષેકભાઈ મહેતા | વડોદરા | ૪૮૮૮ |
| ૫. | શ્રી હર્ષિલભાઈ જયેશકુમાર શેલત | અમદાવાદ | ૪૮૮૯ |
| ૬. | શ્રી શિતલકુમાર પ્રદ્યુમનભાઈ શેલત | વડોદરા | ૪૮૯૦ |
| ૭. | શ્રી સુરેશચંદ્ર એચ. દવે | વડોદરા | ૪૮૯૧ |
| ૮. | શ્રી રીનલભાઈ જિજ્ઞેશકુમાર ભટ્ટ | અમદાવાદ | ૪૮૯૨ |
| ૯. | શ્રી અજયભાઈ રમેશચંદ્ર શેલત | અમદાવાદ | ૪૮૯૩ |
| ૧૦. | શ્રી અમીબેન મનીષભાઈ દેસાઈ | જામનગર | ૪૮૯૪ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની
## વિશિષ્ય સહાય ફંડ

| | | | |
|---|---|---|---|
| ૧. | વ્યોમેશ કિશોરચંદ્ર ભટ્ટ<br>હસ્તે – શ્રી વિરલભાઈ યોગેશભાઈ ભટ્ટ | નડિયાદ | રૂ. ૨૧૬૦૦/– |

## જ્ઞાતિ ગૌરવ

મણિનગર સામાજીક સંસ્થા મહામંડળ, અમદાવાદ તરફથી મણિનગરમાં માનવીના હૃદય સુધી પહોંચીને વિધવિધ ક્ષેત્રે સેવા આપતા તપસ્વીઓનું સન્માન કરવાનો 'માનવતાની મહેક' સમારંભ તા. ૨૪ માર્ચ, ૨૦૨૩ શુક્રવારના રોજ શ્રી મુક્તજીવન ઓડિટોરીયમ, મણિનગર યોજેલ. આ સમારંભમાં કુલ ૧૦ તપસ્વીઓનું સન્માન કરવામાં આવેલ. તેમાં શ્રી જીતેન્દ્ર જયંતીલાલ જોષી, રિટાયર્ડ એડી. કલેક્ટર અને એડવોકેટ, અમદાવાદનું એક તપસ્વી તરીકે સન્માન કરવામાં આવેલ. તેઓને ઉપરોક્ત સંસ્થા તરફથી શાલ ઓઢાડી 'માનવતાની મહેક' બિરૂદથી નવાજી મોમેન્ટો અને સન્માન પત્ર આપી બહુમાન કરેલ. શ્રી જીતેન્દ્ર જોષીએ સંસ્થાને રૂ. ૧૫૧/– ભેટ આપેલ છે.

## ભેટ

રિદ્ધી રૂચિર દવેને ત્યાં તા. ૦૩–૦૪–૨૦૨૩ને સોમવારે પુત્રી પ્રાપ્તિ પ્રસંગે રૂ. ૫૦૦/– પત્રિકાને ભેટ મળેલ છે.

# તંત્રી લેખ...

## ગીતા પુષ્પ

સાતમે અધ્યાયે, કહે છે કૃષ્ણ, ભક્તિ મારી કર,
રાગ દ્વેષ છોડીને, તું મુજમાં શ્રદ્ધા પાકી કર,
સર્વે ભક્તોમાં સદાય, મારો જ્ઞાની રહેશે પર,
ભજે જેવા રૂપે, તેને તેવાં જ થાય દર્શન.

આઠમે અધ્યાયે, કાનો કહે છે, બ્રહ્મની વાત,
અહમ તારો ત્યાગી, મને પામી લે તું મને સાબૂત,
જીવન આખું રટ તું એને, પ્રભુ જ તારો તાત,
અંતકાળે આવી મળશે, તને વહાલોજી ખુદ આપ.

નવમે અધ્યાયે, બતાવે પ્રભુ મારો છે કણ કણમાં વાસ,
મારી અનેરી માયાથી, સઘળે કીધો મેં નિવાસ,
જળ સ્થળ, જડ ચેતન, સર્વેમાં છે મારો ભાસ,
ભક્તો કેરાં હર યોગ ખ્શેમ, રહે સદા મારી પાસ.

દસમે અધ્યાયે કૃષ્ણ કહે છે, જગ આખું મારું રૂપ,
જે જે જગે તને ઉત્તમ ભાસે, તેમાં છે મારું સ્વરૂપ,
સારીય સૃષ્ટિનો હે અર્જુન ! થયો છું હું જ ભૂપ,
સારા જગમાં સઘળે વ્યાપેલી છે, મારી જ તેજ ધૂપ.

અગ્યાર મેં અધ્યાય, જોવામાં આવે અતિ વિરાગ રૂપ,
તેજોમય કાંતિ અનેરી એની, અદભુત એનું સ્વરૂપ,
સકલ સૃષ્ટિમાં સર્વ દેહ માંહી, દીસે છે એ સાવ અનુપ,
કર્મ કર તું, બસ આસક્તિ છોડ, તો તું પામીશ મારું રૂપ.

બારમે અધ્યાય, કહેવાણી છે, ભક્તિ કેરી અનોખી વાત,
કર્મો તારાં અર્પણ કરી, બુદ્ધિ તારી તું મને આપ,
સ્વાધ્યાય કેરા જોરે તું તારી, ઈચ્છા બધી વશમાં રાખ,
કર્મ ફળની આશા છોડી, તારું મન મુજ ચરણે રાખ.

**તંત્રી - શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી. લી. અમદાવાદ**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન, ૧/૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) : ૭૫૭૩૯ ૭૮૪૭૭

# વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી નિવેદન કે ઉપરોક્ત મંડળીની સને ૧–૪–૨૦૨૨ થી તા. ૩૧–૩–૨૦૨૩ની વાર્ષિક સાધારણ સભા નીચેના કામો માટે નીચેના સ્થળે અને સમયે રાખેલ છે. સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

તારીખ : ૧૪–૦૫–૨૦૨૩, રવિવાર

સ્થળ : શ્રી બાજખેડાવાળ હોલ, આઝાદ મેદાન, આણંદ

સમય : સવારે ૧૧.૩૦ કલાકે

(૧) ગત વાર્ષિક સાધારણ સભાથી આજ દિન સુધીના નામી–અનામી જ્ઞાતિજનો કે જેઓ સ્વર્ગસ્થ થયેલ છે તેમના શ્રદ્ધાંજલી માટે મૌન પાળવા.

(૨) ગયા વર્ષની સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવી.

(3) ઓડિટેડ વાર્ષિક હિસાબો, સરવૈયું અને અહેવાલ મંજુર કરવા. (૨૦૨૨–૨૦૨૩)

(૪) ડિવિડંડ વહેંચવા મંજુરી આપવા.

(૫) માનદ્ તેમજ સરકારી પેનલ ઉપરના હિસાબ અન્વેષકોની નિમણૂંક કરવા.

(૬) પ્રમુખશ્રી તરફથી રજુ થાય તે.

તા. ૨૯–૦૪–૨૦૨૩ **સમીરભાઈ દવે – મંત્રી**

**નોંધ :** (૧) કોરમના અભાવે આ સભા મુલત્વી રહેશે તો ઉપર જણાવેલ સ્થળે અર્ધા કલાક પછી મુલત્વી રહેલી સભા મળી ઉપરના કાર્યો હાથ ધરશે.

**ખાસ નોંધ :**

**આજ દિવસે વાર્ષિક સાધારણ સભા પૂર્ણ થયેથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીની કારોબારીની મિટીંગ આજ સ્થળે રાખવામાં આવેલ છે જેની નોંધ લેશો.**

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી. લી. અમદાવાદ**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન, ૧/૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) : ૭૫૭૩૯ ૭૮૪૭૭

# ઓડિટર્સ રિપોર્ટ

અમોએ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદનું તા. ૩૧મી માર્ચ, ૨૦૨૩ના રોજનું સરવૈયું તથા તે જ તારીખ પુરા થતા વર્ષનું ઉપજ-ખર્ચનું તારણ તપાસ્યું છે, અને રિપોર્ટ કરીએ છીએ કે, અમારા આ સાથેના ઓડિટ નોંધને આધિન તથા અમોને આપવામાં આવેલ માહિતી અને ખુલાસા પ્રમાણે તથા મંડળના હિસાબો ચોપડાઓમાં દર્શાવ્યા મુજબનું આ સાથે સરવૈયુ મંડળની સાચી અને ખરેખરી આર્થિક સ્થિતિ દર્શાવે છે.

**તા. ૧૮-૦૪-૨૦૨૩**

**અમદાવાદ**

**કે. એસ. જોષી એન્ડ કું.**

**ચાર્ટર્ડ એકાઉન્ટન્સ વતી**

**(રોનક નાગર)**

**પાર્ટનર**

**મે.નંબર : ૧૭૭૭૬૯**

**ફર્મ રજીસ્ટ્રેશન નં.૧૪૭૨૭૨W**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક

તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ

| ભંડોળ તથા દેવું | રકમ રૂા. |
|---|---|
| કુલ ૩૩૦૦૧ શેર દરેક રૂ. ૨૫.૦૦ નો | |
| તેવો પુરેપુરા ભરપાઈ થયેલા | ૮૨૫૦૨૫.૦૦ |
| | ૮૨૫૦૨૫.૦૦ |
| **ફંડો તથા અનામતો :** | |
| જનરલ રીઝર્વ ફંડ | ૭૧૩૩૭૧.૬૧ |
| વિદ્યોતેજક ફંડ | ૪૭૯૬૨૩૬.૦૦ |
| મકાન ફંડ | ૭૫૬૧૫૫.૦૦ |
| કરજ ધીરાણ ઘસારા ફંડ | ૫૬૮૩૬.૦૦ |
| ડિવિડન્ડ અનામત ફંડ | ૬૪૭૬૧૪.૦૦ |
| માનદ પેટ્રન ફંડ | ૪૬૨૪૦.૦૦ |
| ઘસારા ફંડ | ૯૬૨૧૫.૦૦ |
| શૈક્ષણિક સહાય ફંડ | ૩૪૫૦૦.૦૦ |
| | ૭૧૪૭૧૬૭.૬૧ |
| **અન્ય દેવાં :** | |
| નહીં મંગાવેલ ડિવીડન્ડ ૨૦૨૦-૨૧ | ૨૩૩૧૪.૦૦ |
| નહીં મંગાવેલ ડિવીડન્ડ ૨૦૨૧-૨૨ | ૨૩૫૩૦.૦૦ |
| કે. એસ. જોષી એન્ડ કંપની | ૨૦૦૦૦.૦૦ |
| પ્રજ્ઞા એ. ભટ્ટ | ૬૫૦૦.૦૦ |
| | ૭૩૩૪૪.૦૦ |
| **ઉમેરો : ચાલુ વર્ષનો ઉપજનો વધારો** | ૫૬૬૨.૩૦ |
| **કુલ સરવાળો** | ૮૦૫૧૧૯૮.૯૧ |





## સહકારી મંડળી લી., અમદાવાદ

પુરા થતા વર્ષનું સરવૈયું

| મિલકતો તથા લેણાં | રકમ રૂા. |
|---|---|
| ચરોતર નંગ. બેન્ક શેર | ૫૦.૦૦ |
| રામેશ્વર એપાર્ટ. સભાસદ શેર | ૨૦૦.૦૦ |
| | ૨૫૦.૦૦ |
| કોમ્પ્યુટર | ૬૩૭૩૫.૦૦ |
| ડેડસ્ટોક | ૧૯૮૬.૦૦ |
| ફર્નીચર ફીક્ચર્સ | ૨૮૦૦૩.૦૦ |
| રેફ્રીજરેટર | ૫૫૨૬.૦૦ |
| ઓફિસ પ્રીમાઈસીસ | ૪૦૪૩૧૫.૫૦ |
| | ૫૦૩૫૬૫.૫૦ |
| **વિદ્યાર્થી કરજ ધિરાણ** | |
| મંડળનું કરજ-ધિરાણ | ૧૨૨૧૫૮.૦૦ |
| ટોરેન્ટ પાવર લિમીટેડ (ઈલેક્ટ્રી સીટી એડવાન્સ) | ૬૭૯૦.૦૦ |
| **બેન્ક તથા કોર્પોરેટ ડિપોઝીટસ અને મ્યુચ્યલ ફંડ :** | |
| ડીપોઝીટ - ફીન કેર સ્મોલ ફાયનાન્સ બેંક લી. | ૨૦૦૦૦૦.૦૦ |
| યુ.ટી.આઈ. ફલેક્સી કેપ ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૪૫૦૦૦૦૦.૦૦ |
| યુ.ટી.આઈ. ફોટર ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૨૯૦૦૦૦.૦૦ |
| યુ.ટી.આઈ. ફોકસ ઈક્વીટી ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૨૦૦૦૦૦૦.૦૦ |
| યુ.ટી.આઈ. ડિવિડન્ટ યીલ્ડ પ્લાન ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૫૦૦૦.૦૦ |
| યુ.ટી.આઈ. વેલ્યુ ઓપર્ચ્યુનીટી ફંડ (રેગ્યુલર ગ્રોથ પ્લાન) | ૫૦૦૦.૦૦ |
| | ૭૦૦૦૦૦૦.૦૦ |
| **કુલ સરવાળો** | ૭૬૩૨૭૬૩.૫૦ |

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક

**તા. ૩૧–૦૩–૨૦૨૩ના રોજ**

| ભંડોળ તથા દેવું | રકમ રૂ. |
|---|---|
| સરવાળો આગળ લાવ્યા | ૮૦૫૧૧૯૮.૯૧ |
| કુલ સરવાળો | ૮૦૫૧૧૯૮.૯૧ |

તા. ૧૮-૦૪-૨૦૨૩
અમદાવાદ

પ્રણવભાઈ જોષી — પ્રમુખ

ફાલ્ગુન ઠાકર — ખજાનચી

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.



બાજખેડાવાળ પત્રિકા + એપ્રિલ – ૨૦૨૩

# સહકારી મંડળી લી. અમદાવાદ

**પુરા થતાં વર્ષનું સરવૈયું**

| મિલકતો તથા લેણાં | રકમ રૂ. |
|---|---|
| સરવાળો આગળ લાવ્યા | ૭૬૩૨૭૬૩.૫૦ |
| **અન્ય લેણાં** | |
| ટેલીફોન ડિપોઝીટ | ૨૧૬૦.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2016-17 | ૨૦૯૦૨.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2017-18 | ૮૨૬૭.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2019-20 | ૧૦૦૦.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2020-21 | ૪૪૪૭૭.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2022-23 | ૬૨૦૧૩.૦૦ |
| વ્યાજ ઉપર TDS Ass. Year 2023-24 | ૧૩૫૪૦.૦૦ |
| મળવા પાત્ર વ્યાજ ફીનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક લી. | ૧૧૩૯.૦૦ |
| | ૧૫૩૪૯૮.૦૦ |
| **બેંકોમાં સેવિંગ્સ ખાતાની બાકી** | |
| બેન્ક ઓફ બરોડા (૧૬૪૨) | ૨૬૩૨૬૧.૪૧ |
| રોકડ પુરાંત - સિલક | ૧૬૭૬.૦૦ |
| | ૨૬૪૯૩૭.૪૧ |
| કુલ સરવાળો | ૮૦૫૧૧૯૮.૯૧ |

અમારા આજ તારીખના ઓડીટ રિપોર્ટ સાથે ઓડીટ રીમાર્કને આધીન

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

(રોનક નાગર)
પાર્ટનર
મે. નંબર. ૧૭૭૭૬૯
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૪૭૨૭૨W

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. વતી

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક

તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ

| ઉપજ (આવક) | રકમ રૂ. |
|---|---|
| **શ્રી બેંક ડિપોઝીટ વ્યાજ આવક** | |
| ફીનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લી. | ૧૩૫૪૧૮.૦૦ |
| **શ્રી સેવિંગ્સ ખાતા વ્યાજ આવક** | |
| બેન્ક ઓફ બરોડા (૧૬૪૨) | ૧૧૯૨૧.૦૦ |
| | ૧૧૯૨૧.૦૦ |
| **અન્ય આવક** | |
| દાખલ ફી | ૨૮૦.૦૦ |
| પરચૂરણ આવક | ૭૦૦.૦૦ |
| લોન વ્યાજ આવક | ૧૦૦૮૬.૦૦ |
| યુ.ટી.આઈ.મ્યુ. ફંડ રોકાણ પર કમિશન | ૩૬૦૦.૦૦ |
| ઈન્કમટેક્ષ રીફંડ ઉપર વ્યાજ | ૩૯૬૪.૦૦ |
| | ૧૮૬૩૦.૦૦ |
| **કુલ સરવાળો** | **૧૬૫૯૬૯.૦૦** |

તા. ૧૮-૦૪-૨૦૨૩
સ્થળ - અમદાવાદ

પ્રણવભાઈ જોષી — પ્રમુખ

ફાલ્ગુન ઠાકર — ખજાનચી

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.





## સહકારી મંડળી લી. અમદાવાદ

પુરા થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું

| ખર્ચ | રકમ રૂ. |
|---|---|
| પગાર | ૧૧૦૫૦૦.૦૦ |
| વીજળી ખર્ચ | ૩૨૧૦.૦૦ |
| બેન્ક કમિશન | ૧૫૦૩.૭૦ |
| મ્યુનિસિપલ ટેક્ષ ખર્ચ | ૨૦૫૦૦.૦૦ |
| ઓડીટ ફી | ૧૦૦૦૦.૦૦ |
| કમ્પ્યુટર ખર્ચ ખાતે | ૧૧૪૩૩.૦૦ |
| પોસ્ટેજ અને કુરિયર ખર્ચ | ૧૬૦.૦૦ |
| કો.ઓ. સોસાયટી ઓડિટ ફી | ૩૦૦૦.૦૦ |
| | ૧૬૦૩૦૬.૭૦ |
| વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં ઉપજનો વધારો | ૫૬૬૨.૩૦ |
| **કુલ સરવાળો** | **૧૬૫૯૬૯.૦૦** |

અમારા આજ તારીખના ઓડીટ રિપોર્ટ સાથે ઓડીટ રીમાર્કને આધીન

કે. એસ. જોષી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

(રોનક નાગર)
પાર્ટનર
મે. નંબર. ૧૭૭૭૬૯
ફર્મ રજીસ્ટ્રેશન નં. ૧૪૭૨૭૨W

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. વતી

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## દ્વિતીય વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/–ના દાતા



**સ્વ. હર્ષાબેન યોગેશકુમાર પંડ્યા**

**જન્મ તા. ૦૫–૧૨–૧૯૫૨** **વૈકુંઠવાસી તારીખ ૦૬–૦૫–૨૦૨૧**

**ચૈત્ર વદ દસમ, ૨૦૭૭**

જીંદગી ટૂંકી હતી છતાં મમતા ઘણી મુકી ગયા.

એકલા ખુણે રડી લઈશું જ્યારે જ્યો વખતો વખત આવશે તમારી યાદગાર યાદો.

સ્વ. હર્ષાબેન યોગેશકુમાર પંડ્યાનો જન્મ તા. ૦૫–૧૨–૧૯૫૨ના રોજ જ્યુબીલી સ્ટ્રીટ ઉમરેઠ મુકામે પરમ શિવભક્ત નાના – સ્વ. કિરપાશંકર બેચરભાઈ ભટ્ટ તથા નાની – સ્વ. જડાવબેન કીરપાશંકર ભટ્ટના ઘરે થયેલ સ્વ. હર્ષાબેનના માતા સ્વ. પુષ્પાબેન તથા પિતા સ્વ. મુકુંદરાય હરિલાલ પંડ્યા પરમ શિવભક્ત અને ગાયત્રી માતાજીના પરમ ભક્ત હતા. સ્વ. હર્ષાબેને બી.કોમ. પાસ કરી ભારતીય રેલ્વે ડીપાર્ટમેન્ટમાં નોકરી શરૂ કરી આશરે ૨૮ વર્ષની નોકરી પૂરી કરી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ. તેઓ અમદાવાદમાં ઓફિસ સુપ્રીટેન્ડન્ટ તરીકે નિવૃત્ત થયેલ. તેમના લગન તા. ૨૫–૦૬–૧૯૮૨ના રોજ મુળ ઉમરેઠ, હાલ અમદાવાદ નિવાસી શ્રી યોગેશકુમાર રમણલાલ પંડ્યા સાથે થયેલ. તેમના પતિ યોગેશકુમાર પંડ્યા ગાંધીરોડ અમદાવાદ ખાતે રીયલ કાર્ડ સેન્ટર ચલાવે છે. તેમણે અગાઉ બાજખેડાવાળની વિવિધ સંસ્થાઓમાં નિસ્વાર્થ સેવા આપેલ છે. સ્વ. હર્ષાબેન તથા યોગેશકુમારને સંતાનમાં 3 બાળકો છે જેમાં મોટી દિકરી હિતાર્થી ભાર્ગવભાઈ જાની (યુ.એસ.એ.), દિકરી સુભાગી રાહુલભાઈ (અમદાવાદ) તથા ચિ. હર્ષ (યુ.એસ.એ.)માં અભ્યાસ પૂર્ણ કરી જનરલ મોટર લી.માં નોકરી કરે છે જે અપરણિત છે.

સ્વ. હર્ષાબેનના બહેન–બનેવીમાં શ્રીમતી દક્ષાબેન અમરીષભાઈ ખંભોળજા, શ્રીમતી અરૂણાબેન હરીશભાઈ પંડ્યા, શ્રીમતી ઈલાબેન રાજેન્દ્રભાઈ દવે, શ્રીમતી ગીતાબેન મહેશભાઈ દવે, શ્રીમતી કિરણબેન ભાઈરાજભાઈ ત્રિવેદી જે હાલ યુ.એસ.એ. ખાતે રહે છે.

સ્વ. હર્ષાબેન પંડ્યા પરમ શિવભક્ત અને ગાયત્રી માતાજીના પરમભક્ત હતા અને તેમના બાળકોના ઉચ્ચ શિક્ષણ તથા ઉછેર માટે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ કુટુંબમાં સ્થાયી થયેલ છે.

પ્રભુ તેમના આત્માને જ્યાં હોય ત્યાં પરમ શાંતિ અર્પે એવી અમે સર્વે કુટુંબીજનો તેમની શ્રદ્ધાંજલી માટે પ્રાર્થના કરીએ છીએ.

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ
વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્યના બાળક કે જે ધોરણ ૫ થી કોલેજ સુધી ભણતા હોય તેમને આજીવન સભ્યદીઠ એક બાળકની મર્યાદામાં ટ્યુશન ફી આપવાની છે જેની નોંધ લેશો.

ટ્યુશન ફી વહેચવાની તારીખ ૧૧–૬–૨૦૨૩ને રવિવાર સવારે ૯.૦૦ થી ૧.૦૦ અને બપોરે ૨.૦૦ થી ૬.૦૦ ત્યારબાદ ટ્યુશન ફી મળશે નહીં.

સાથે લાવવાની વસ્તુ (૧) ૨૦૨૩ની માર્કશીટ (૨) આઈકાર્ડની ઝેરોક્ષ

**કિરીટકુમાર એમ. દવે** — **પ્રણવકુમાર જોષી**
**પ્રમુખ** — **મંત્રી**

**સર્વ કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન – ૦૨૬૯૨–૨૪૪૨૧૨

આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા વાનગી હરિફાઈનું આયોજન તા. ૧૯–૦૨–૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ જેમા ગાજરની સ્વીટ આઈટમ, વટાણા તથા તુવેરનું ફરસાણ તથા સુપનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમને પ્રોત્સાહન પુરૂ પાડી સફળ બનાવવા કુકીંગ એક્સપર્ટ (સ્પેશીયલ) અમીબેન રાવલ તથા સોનલબેન દવેને નિર્ણાયક તરીકે આમંત્રિત કરેલ. અમીબેન રાવલની 'રસમધુર' રસોઈની બુક ભાગ ૧, ૨ ઉપલબ્ધ થયેલ છે. વાનગી હરિફાઈ, સ્વીટ આઈટમમાં પ્રથમ નંબર સેજલબેન એચ. મહેતા – ગાજરની કેક તથા પાયલબેન પી. દવે દ્વિતીય ઈનામ ગાજરના ફરાળી ઘુઘરા, વટાણા તુવેરની આઈટમમાં બિંદુબેન એસ. ભટ્ટ પ્રથમ નંબર સ્વાદિષ્ટ પરાઠા, દ્વિતીય નંબર કૃતિ આર. શુક્લ તથા સુપમાં પ્રથમ નંબર સેજલબેન એચ. મહેતા – બર્મી સુપ. દ્વિતીય નંબરે કૃતિ આર. શુક્લ ક્રીમ ઓફ કોલીફુલાવરનુ સુપ બનાવેલ. દરેક વિજેતાને મંડળ તરફથી ઈનામ વિતરણ કરેલ તથા ભાગ લેનાર અન્ય સભ્ય બહેનોને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ.

**મીનાબેન પી. જોષી** — **પાયલબેન પી. દવે**
**પ્રમુખ** — **મંત્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં,
પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**ડાન્સ કોમ્પીટીશન**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ આ વર્ષે પણ તા. ૧૧–૬–૨૦૨૩ને રવિવારના રોજ પુનીતાશ્રમ ખાતે બપોરે બે વાગ્યાથી ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા બાજખેડાવાળ જ્ઞાતિના દરેક શહેરના દરેક

મંડળને વિનંતિ કરીએ છીએ કે આપના શહેરના દરેક બાજખેડાવાળ જ્ઞાતિના સભ્યોને આ પ્રોગ્રામ વિષે માહિતીની જાણ કરી તેઓના નામ નોંધીને અમોને મોકલી આપવા મહેરબાની કરશોજી. આ ઉપરાંત આ તમામ જ્ઞાતિજનોએ અમોને કોઈપણ પ્રકારની માહિતી કે નામ નોંધવા માટે નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો. તૃપ્તીબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧, ભોપીબેન ભટ્ટ (મો.) ૯૩૨૮૨૩૦૬૭૦

**વટસાવિત્રી વ્રત ઉદ્યાપન**

તા. ૪–૬–૨૦૨૩ રવિવારના રોજ પુનીતાશ્રમ ખાતે સવારે ૯.૦૦ વાગ્યાથી વટસાવિત્રી વ્રત ઉદ્યાપનની પૂજાવિધીનું આયોજન કરેલ છે. જે બહેનોને આ વ્રત ઉદ્યાપનમાં ભાગ લેવોનો હોય તેમણે ઉપરોક્ત મોબાઈલ નંબર પર સંપર્ક કરી પોતાના નામ લખાવી દેશો.

**ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના**

આ યોજના અંતર્ગત શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ધો. ૧ થી ૧૨ની દીકરીઓને (પાસ થયેલ) સરકાર માન્ય પુસ્તકોની કિંમત મુજબ રોકડ રકમ આપવામાં આવે છે. આ વર્ષે આ યોજનાના સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે. સતત વધતી ગરમી અને સમયના અભાવને કારણે આ યોજના જૂન મહિનાને બદલે ઓક્ટોબર મહિનાની તા. ૧૯, ૨૦, ૨૧, ૨૨ એમ ચાર દિવસ ચાલશે અને આ દિવસો દરમ્યાન સાંજે ૫ થી ૭ના સમયમાં દરેક વિદ્યાર્થીની દીકરીઓને પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી ત્યારે જ લઈને આવવી અને પોતાની રકમ મેળવી લેવી. આથી બધાને ખાસ તાકીદ કરવામાં આવે છે કે આ વર્ષે જૂન મહિનામાં કોઈએ માર્કશીટ આપવા જવુ નહીં.

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત દર ત્રણ મહિના ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી ઉમરેઠ–ડાકોર સ્થિત જ્ઞાતિબંધુઓને પહોંચતી કરવામાં આવે છે. આ માટે જ્ઞાતિ સમાજ દ્વારા અમારી સંસ્થાને ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન–ફંડ મળતુ રહે છે. જેના થકી આવી કારમી મોંઘવારીમાં પણ અમો આ સમાજ ઉપયોગી કાર્યો કરીને જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને મદદ કરી શકીએ છીએ. આ મહિને અમારી સંસ્થાને નીચે મુજબના દાન–ફંડ મળેલ છે.

(૧) શ્રી લીનાબેન મુકેશભાઈ દવે ચિ. આરવની જનોઈ નિમિત્તે રૂ. ૫૦૧/– (૨) શ્રી હર્ષદરાય કંચનલાલ પંડ્યા પરિવાર તરફથી હસ્તેશ્રી હિરેનભાઈ એચ. પંડ્યા રૂ. ૧૫૦૦૦/– (3) શ્રી ભારતીબેન બાલકૃષ્ણ દવે તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/– (૪) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે તરફથી રૂ. ૨૪,૦૦૦/– (૫) શ્રી ડૉ. માનસીબેન સોહમકુમાર દવે તરફથી (શુભ પ્રસંગે ભેટ) રૂ. ૧૦,૦૦૦/–

**કુંકીંગ સેમીનાર**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા તા. ૧૪–૫–૨૦૨૩ને રવિવારના રોજ એક કુંકીંગ સેમીનાર યોજવામાં આવેલ છે. જેમાં ભાગ લેનાર દરેક બહેને ૨૫/– રૂ. રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે અને પોતાના નામ નોંધાવાના રહેશે. આ સેમીનાર કુમારી વૈભવીબેન ઠાકોર તથા શ્રી નીધીબેન ભટ્ટ દ્વારા લેવામાં આવશે. જેમાં વિવિધ વાનગી, ચોકલેટ વગેરે.

લાઈવ બનાવીને શીખવવામાં આવશે. સ્થળની જાણ દરેકને જે–તે સમયે જણાવવામાં આવશે. જેઓને આ સેમીનારમાં ભાગ લેવો હોય તેમણે તૃપ્તીબેન જોષીને તેમના મોબાઈલ પર નામ લખાવીને ગુગલ પે થી રૂ. ૨૫/– રજી. ફી મોકલવાની રહેશે. સમય તા. ૧૪–૫–૨૦૨૩, બપોરે ૧ થી ૬ વાગ્યે.

**મંત્રીશ્રી** — **પ્રમુખ**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **દર્શનાબેન એ. ભટ્ટ**

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત)

સર્વે જ્ઞાતિજનોને જય વારાહી માતાજી આગામી ચૈત્ર માસ દરમ્યાન વારાહી માતાજી મંદિરને સીરીઝોથી શણગારમાં આવેલ તેમજ રોશની કરવામાં આવી હતી.

ચૈત્ર માસ દરમ્યાન દરરોજ સાંજે ૯ થી ૧૧ માતાજીના મંદિરમાં ચંડીપાઠ કરવામાં આવેલ અને તા. ૨૯–૩–૨૦૨૩ના રોજ રાત્રે ભરોડા મંડળના બહેનોનો આનંદનો ગરબો રાખવામાં આવેલ તેમ જ તા. ૩૦–૩–૨૦૨૩ના રોજ માતાજીના મંદિરમાં સુરેશભાઈ જોષીના યજમાન પદે ગુરૂદેવ સ્નેહલભાઈ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવેલ. એમ નવે–નવ દિવસ જુદા જુદા પ્રોગ્રામ રાખવામાં આવેલા અને તેમા ચકલાના તથા આજુબાજુના થઈ દરરોજ ત્રણસો ભાવિક ભક્તો પ્રોગ્રામમાં આવતા હતા. તેમજ દરરોજ ટ્રસ્ટ તરફથી આવનાર ભાવિક ભક્તોને લ્હાણી તેમજ અલ્પાહાર (નાસ્તો) આપવામાં આવતો હતો.

બીજું કે સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે, જે કુવામાંથી માતાજી પ્રગટ થયેલ તે કુવાને રીનોવેશન કરવાનો છે તેમજ આજુબાજુ ચાર–ચાર ફુટની બાઉન્ડરી મારવાની છે તેમજ પ્રવેશ માટે બે બાજુ દરવાજા મુકવાના છે અને તેનો નકશા મુજબ અંદાજીત ખર્ચ પાંચ લાખ રૂપિયા થાય છે. તો આ બાબતે જે જ્ઞાતિજનો તરફથી દાન મળશે તેની હવનવાળી જગ્યાએ તક્તિ મારવામાં આવશે તો આ બાબતે જ્ઞાતિજનોએ સાથ–સહકાર તન–મન–ધનથી આપવા વિનંતી છે.

બીજું કે નડીયાદ–અમદાવાદ – વડોદરા કે બહારથી આવતા ભક્તોને નમ્ર વિનંતી છે કે આપ માતાજીના દર્શનાર્થે આવો છો ત્યારે માતાજીના સન્મુખ ભેટ મુકવી નહી. ભેટ–ભેટ પેટીમાં મુકવાનો આગ્રહ રાખવો જેથી તે ભેટ મંદિરમાં ખર્ચમાં કામ લાગે માટે અવશ્ય ભેટ ભેટ પેટીમાં મુકવાનો આગ્રહ રાખવો તેમજ ભેટ–દાનની પાવતી લેવાનો આગ્રહ રાખો. (૧) પુજારીને પગાર આપવામાં આવે છે જેથી આપની ભેટ ભેટ પેટીમાં મુકો. (૨) દાન–સાડી–વસ્તુની વગેરેની ભેટની પાવતી આપવામાં આવે છે તો પાવતી લેવાનો આગ્રહ રાખો.

વધુમાં મારા ધર્મપત્ની નિલાબેન સુરેશકુમાર જોષી કાઉન્સીલર ભાજપ હાલમાં કેનેડા ગયેલા છે તે નિમિત્તે પત્રિકાને રૂ. ૧૦૧/– ભેટ સ્વીકારશો.

**સુરેશભાઈ જોષી**
**પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ નીચે મુજબની વિગતથી મળેલ દાનની માહિતી.

**મકાન બાંધકામ ફંડ**

(૧) રૂ. ૧૬૧૪૫/– સ્વ. કપીલપ્રસાદ હરિપ્રસાદ શુકલ તથા ઉર્મિલાબેન કપીલપ્રસાદ શુકલ હસ્તે સ્વાતીબેન કપીલપ્રસાદ શુકલ (૨) રૂ. ૫૦૦૦/– સ્વ. રમેશચંદ્ર મોતીલાલ દવે તથા (૩) રૂ. ૫૦૦૦/– સ્વ. ધારિણીબેન રમેશચંદ્ર દવે હસ્તે કલ્પનાબેન દવે (૪) રૂ. ૫૦૦૦/– જયેન્દ્રકુમાર શીવપ્રસાદ દણાક તથા (૫) રૂ. ૫૦૦૦/– હરસુતાબેન જયેન્દ્રકુમાર દણાંક હસ્તે કિરીટકુમાર દવે

**ઉત્કર્ષ ફંડ ખાતે**

(૧) રૂ. ૧૦૦૦/– માયાબેન કિરીટકુમાર દવે (૨) રૂ. ૧૦૦૦/– અરૂક્ષાબેન વિપુલભાઈ ત્રિવેદી (૩) રૂ. ૧૦૦૦/– ધરા અનુજ દવે (૪) રૂ. ૧૦૦૦/– ગીજુભાઈ રવિશંકર દવે (૫) રૂ. ૧૦૦૦/– મયુરાક્ષીબેન આર. કોટડીયા

**સમુહ જનોઈ ખાતે**

(૧) રૂ. ૨૧૦૦/– મયુરાક્ષીબેન આર. કોટડીયા (૨) રૂ. ૨૧૦૦/– હર્ષાબેન મુકેશકુમાર દવે (૩) રૂ. ૨૧૦૦/– કલ્પનાબેન કિરીટકુમાર દવે

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુન ઠાકર**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**
**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ – નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, નડિયાદ (મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ – નડીયાદ દ્વારા તા. ૦૬–૦૪–૨૦૨૩ને ગુરુવારના રોજ બાજખેડાવાળ હોલમાં આનંદના ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાજખેડાવાળ સમાજની અને બાજખેડાવાળ મહીલા સમાજની બહેનો હાજર રહેલ. બપોરના ૪.૦૦ થી ૬.૦૦ કલાકનો આ પ્રોગ્રામ હતો. જેમાં ગરબા બાદ ભજન અને ગરબાનો પણ આનંદ લીધેલ.

ગરબા બાદ આરતી અને પ્રસાદ આપ્યા બાદ મહીલા સમાજે દરેકને રીટર્ન ગીફ્ટ આપેલ અને દરેકને નાસ્તો તેમજ કોલ્ડીંગ્સ પણ આપવામાં આવેલ.

રશ્મીકાબેન પંડ્યા તરફથી રૂ. ૫૦૦/– ભેટ અને ઈલાબેન એન. દવે તરફથી રૂ. ૫૦૦/–ની ભેટ આફવામાં આવેલ.

બધા અલ્પાહાર કરી છૂટા પડેલ આગામી કાર્યક્રમમાં મહીલા સમાજની જનરલ મીટીંગ રાખવામાં આવેલ છે.

**પ્રમુખ** — **મંત્રી**
**નિલુષાબેન ભટ્ટ** — **અંજનાબેન જે. દવે**

# મુક્તિ

અમારે ઘરે કામ કરતી રાધાએ દિવાળીના દિવસથી અચાનક આવવાનું બંધ કર્યું હતું. હજુ આજના દિવસ સુધી દેખાણી ન હતી.

રાધા દરેક દિવાળી ઉપર અમારા ઘરની સાફ સફાઈ કરે, તેની સામે સ્મિતા એક પગાર બોનસ સ્વરૂપે આપતી.

આ વખતે અચાનક તે દેખાણી નહિ. બધું કામ જાતે કરવું પડયું એટલે અંદરથી બરાબરની તે અકળાઈ હતી, હવે તો રાધા આવે એટલે તેનો હિસાબ કરી છુટ્ટી કરી દેવી છે.

તહેવારમાં કામ ન આવે તેવી વ્યક્તિનું મારે કામ જ નથી તે એકલી એકલી બબડતી.

સ્મિતા ઉતાવળી બની હતી. હું તેને ઘણી વખત કહેતો.

સ્મિતા સામેની વ્યક્તિને સમજવાનો સાંભળવાનો પ્રયત્ન કર. સમજ્યા વિચાર્યા વગરનો સીધો શાબ્દિક પ્રહાર ઘણી વખત આપણને શરમજનક સ્થિતિમાં મૂકી દે છે.

રાધાના પરીવારને હું ઘણા સમયથી ઓળખું છું.

સ્વમાની અને સંસ્કારી ઘરના પરિવારમાંથી આવતી હોય તેવું તેના પરિવાર ઉપર તે જ હતું. જન્મજાત ઘરના કામ કોઈના કરતી હોય તેવા તેના લક્ષણ એકે ખૂણેથી દેખાતા ન હતા. ઘણી વખત મજબૂરી કે પરિસ્થિતિ સામે અમુક લોકો ઝુકતા નથી. હાથ લાંબો કરી અપમાનિત જીવન જીવવા કરતા મહેનતથી કામ કરી આત્મસન્માન સાથે વર્તમાન પરિસ્થિતિ સામે લડનાર વર્ગ પણ હજુ સંસાર માં જોવા મળે છે.

રાધાનો વર ધીરેન એક ખાનગી કંપનીમાં પટાવાળાની નોકરી કરતો હતો. ઘરે એક પુત્ર હતો જેનું નામ રાખ્યું હતું ચિરાગ બસ એજ તેની દુનિયા હતી. એ જ તેનું સ્વપ્ન હતું. ચિરાગ પણ ખૂબ સમજુ છોકરો હતો તે તેના પપ્પા મમ્મીને આ યાતના ભરી જિંદગીમાંથી "મુક્તી" અપાવવા ગંભીર પ્રયત્ન કરતો હતો. તે પોતે પોતાની કારકિર્દી પ્રત્યે ખૂબ જ જાગૃત હતો. એ કોઈ કોઈ વખત મને મળતો હતો. ત્યારે તેની વાતોમાં પરિપક્વતા રહેતી તેણે મને સુંદર શબ્દો કીધા હતા. સાહેબ ગરીબીમાં જન્મ લીધો એ ગુનો નથી પણ એ જ પરિસ્થિતિમાં જીવન પૂરું કરવું એ ગુનો છે..

ગરીબી સામે લડવા માટે અમારી પાસે બે જ વિકલ્પ છે એક સાદું જીવન અને ઉચ્ચ વિચાર અને બીજો ઉચ્ચ ભણતર.

વાત તેની સાચી હતી ભગવાન શ્રી ક્રિષ્ણે પણ અર્જુનને માર્ગદર્શન આપ્યું. પણ લડાઈ તો તેણે જાતે જ લડવી પડી. જીવન એક સંગ્રામ છે. જે વ્યક્તિ હથિયાર નીચે મૂકે છે એ વ્યક્તિ સંસારમાં અપમાનિત જીવન જીવતો થઈ જાય છે. છેલ્લી ક્ષણ અને છેલ્લા શ્વાસ સુધી લડતા રહો. જિંદગીને પણ થવું જોઈએ ખરો મર્દ મળ્યો મને હંફાવી આગળ વધી ગયો.

ચિરાગ કહેતો ગરીબ વ્યક્તિ માટે એક એક કલાક અને એક એક દિવસ અગત્યનો હોય છે. ફાલતુ ચર્ચામાં સમય બગાડવો એટલે અમારી કબર જાતે ખોદવા બરાબર છે.

આ ચિરાગને એન્જિનિયર કરવા રાધા અને ધીરેને ગામડાની પોતાની ખેતીની જમીન ઉપર લોન લીધી હતી.

અચાનક સાંજના સમયે બારણે બેલ વાગ્યો.

મેં જોયું તો રાધા હાથમાં કપડાંની થેલીમાં કંઇક લપેટી બારણે ઉભી હતી મોઢા ઉપર આનંદ હતો

મેં કીધુ આવ બેન રાધા ક્યાં ખોવાઈ ગઈ હતી ?

ત્યાં તો સ્મિતા વાવઝોડા સ્વરૂપે રસોડામાંથી બહાર આવી.

અને હજુ રાધા કહી આગળ બોલે ત્યાં સાચું ખોટું સંભળાવવા લાગી.

રાધાના મોઢા ઉપરનો આનંદ ધીરે ધીરે અદ્રશ્ય થવા લાગ્યો રાધાની પાછળ તેનો પુત્ર ચિરાગ શાંતિથી પોતાની માંનું થતું શબ્દરૂપી અપમાન જોઈ રહ્યો હતો.

રાધાને તો આ રોજનું હતું જ્યારે રજા પાડે ત્યારે દરેક ઘરે આવું બધું સાંભળવાની તેને આદત પડી ગઈ હતી.

એટલે એ મૂંગા મોઢે સ્મિતાને સાંભળી રહી હતી.

મારી નજર તેની પાછળ ઉભેલ ચિરાગ સામે પડી. તેની આંખોમાંથી પડતા એક એક આંસુ મારા અસ્તિત્વને હલાવી રહ્યું હતું. રાધાનો પરિવાર સર્જન અને સંસ્કારી હોવાથી સામે તેઓ કોઈ પ્રત્યુતર આપતા ન હતા અને તેનો સંપૂર્ણ લાભ સ્મિતા ઉઠાવી રહી હતી.

મારાથી રહેવાયુ નહી એટલે મેં બુમ મારી બસ સ્મિતા બહુ થયું. રાધાને બોલવાનો સમય તો આપીશ કે નહીં ? તું એક વાત સમજી લે ૧૨૦૦ કે ૧૫૦૦ રૂપિયા તેને મહિના ના આપી આપણે દાન દક્ષિણા નથી કરતા કે નથી તેની ઉપર ઉપકાર કરતા મહેનત કરી સ્વમાનથી રૂપિયા તેઓ કમાય છે.

મેં રાધા અને ચિરાગને અંદર આવી બેસવા કીધુ.

ચિરાગ ભીની આખે બોલ્યો આભાર સાહેબ પણ મન ભરાઈ આવ્યું છે. કોઈ ફરી વખત મળશું કહીએ જવાની તૈયારી કરતો હતો. મેં તેનો હાથ પકડી કીધું ચિરાગ નવા વર્ષે મારા ઘરેથી કોઈ આંખમાં આંસુ સાથે જાય એ મને પસંદ નથી. હું તો તને હિંમત વાળો વ્યક્તિ સમજુ છું. મર્દની આંખમાં આંસુ સારા ન લાગે આવ મારી બાજુમાં બેસ.

ચિરાગ ભીની આંખે બોલ્યો સાહેબ મર્દ વ્યક્તિને પણ લાગણી જેવું હોય છે. અંતે એ પણ મનુષ્ય જ છે.

મેં ચિરાગને પીવાનું પાણી આપી શાંત કર્યો. ચિરાગની આંખમાં આંસુ જોઈ. રાધાની આંખ પણ ભીની થઈ.

તેણે સાડીથી પોતાની આંખ લૂછી.

મેં કીધું. હું સ્મિતા તરફથી તમારા બન્નેની માફી માંગુ છું. સ્મિતા દિવાળીના કામ જાતે કરી થાકી ગઈ હોવાથી એ ઉતાવળી થઈ હતી.

મેં વાતને બદલતા કીધું બેટા ચિરાગ ક્યાં દિવાળીમાં ફરીને આવ્યા ?

એ સ્વસ્થ થઈ બોલ્યો સાહેબ કુળદેવી અને કુળ દેવતાના દર્શને ગયા હતા.

મેં કીધું અચાનક કોઈ ખાસ કારણ ?

હા સાહેબ મેં આઈ.એ.એસ.ની પરિક્ષા પાસ કરી. કલેકટર તરીકે ફરજ ઉપર હાજર થતા પહેલા કુળદેવી અને કુળદેવતાને ત્યાં માથું ટેકવાની ઈચ્છા હતી.

સાહેબ આ સફળતા પાછળ મારા માં–બાપની મહેનત અને મારા ઉપર મુકેલ સંપૂર્ણ વિશ્વાસ પણ હું ભૂલી શકું તેમ નથી. મારા માટે તેઓ જાગતા દેવ છે. આજે મને ખબર પડી મને આ મુકામ સુધી પહોંચાડતા મારા માં–બાપે કેટલા અપમાનો સહન કર્યા હશે.

મારાથી બોલાઈ ગયું શું વાત કરે છે ચિરાગ હું ઉભો થઇ ચિરાગને ભેટી પડ્યો. વાહ ચિરાગ વાહ તારી પ્રસંશા કરું તેટલી ઓછી છે ચિરાગ ઉભો થયો મને અને સ્મિતાને પગે લાગ્યો.

સ્મિતા હવે ઢીલી પડી. તેને ચિરાગના માથે હાથ મૂકી કીધું બેટા માફ કરજે. તેણે રાધા સામે જોઈ કીધું બેન રાધા મારા તરફથી ઉતાવળમાં વધારે બોલાઈ ગયું હોય તો તું પણ મને માફ કરજે. વાત આટલું ગંભીર સ્વરૂપ ધારણ કરશે એ મને કલ્પના ન હતી. મને ઘણી વખત સમીર કહે છે. ઉતાવળી થા માં કોઈને સાંભળવાની આદત કેળવ પણ આજે સમીરની વાત મને સાચી લાગી ઉતાવળું બોલવું નહિ કે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવા નહીં.

રાધાએ લૂગડાની થેલી ખોલી અંદરથી સ્વીટ બોક્સ સ્મિતા ના હાથમાં મૂકી બોલી. આ ચિરાગની સફળતાની સ્વીટ અમારા તરફથી સ્વીકારો અને આ પ્રસાદી.

સ્મિતાને પોતે બોલેલ શબ્દો ઉપર પસ્તાવો થયો એ ભીની આંખે રાધાને ભેટી પડી.

ચિરાગ ઉભો થયો અમારી બન્ને સામે હાથ જોડી કીધું.

મારા માં–બાપ આ શહેર છોડી મારી સાથે કાયમ માટે આવે છે કાલનો દિવસ આ શહેર માટે અમારો છેલ્લો છે.

સીધી કે આડકતરી રીતે જો તમે અમારા પરિવારને મદદ કરી હોય તો તે માટે હું અને મારા માં–બાપ તમારા આભારી અને ઋણી છીયે મારા માં–બાપને આ યાતના ભરી જિંદગીથી "મુક્તિ" આપવાના મારા નિર્ણય અને મહેનતને ઈશ્વરે પણ સપોર્ટ કર્યો. એ બદલ હું ઈશ્વરનો આ જીવન ઋણી બની રહીશ હવે એ લોકો માટે એક નવી સવાર હશે. નવી જીંદગી હશે તમારી શુભેચ્છા અને આશીર્વાદ અમારી તાકાત બની રહેશે કહી ફરી મને અને સ્મિતાને પગે લાગ્યો.

રાધા સ્વભાવે આમ તો આનંદી હતી.

એટલે એ આનંદમાં આવી સ્મિતા સામે જોઈ બોલી બુન આ ગરીબી ઉપરનો અકલ્પનીય એક પ્રકારનો વિજય હતો.

વ્યક્તિ ગરીબ હોય પણ સાથે સભ્યતા, નમ્રતા, ધૈર્ય, વિવેક એ ચુકે નહિ તો તેની પ્રગતિ કોઈ રોકી શકતું નથી. સાથે સાથે લોકોની નજરમાં પણ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે. આવડી મોટી કલેકટરની પોસ્ટ મળવા છતાં ચિરાગની વાતોમાં નમ્રતા અને સંસ્કાર છલકાતા હતા. પોતાની સામે પોતાની માંનું અપમાન થતું હોવા છતાં એક પણ શબ્દ અશોભનીય ન બોલી તે મારી નજરમાં મુઠ્ઠી ઉંચેરો માનવ બની ગયો !

ચિરાગ અને રાધાના ગયા પછી સ્મિતા મારી પાસે બોલી. સમીર તારી વાત સાચી હું ઉતાવળી છું. સમજ્યા વગર બોલું છું.

સ્મિતા, કોઈ ને નોકરી આપો કે તેના કામ ના બદલામાં વળતર આપો તો તેને ઈશ્વરની કૃપા સમજો કે ઈશ્વરે તમને એને લાયક બનાવ્યા છે સમયનું કામ જ પડખા બદલવાનું છે. આપણે ચાલીએ છીયે ત્યારે જે પગ એક વખત આગળ વધે છે તે જ પગ એક વખત પાછળ.

બસ જિંદગીમાં સારા ખરાબ દિવસનું આવું જ છે.

સારા દિવસમાં પણ સંયમ શિસ્ત અને ધૈર્યની જરૂર હોય છે.

ખરાબ સમયમાં પણ લોકો આપણને ઈજ્જત અને માન આપતા હોય તો સમજી લેવું આપણા સારા સમય દરમિયાન આપણે કોઈ સાથે અશોભનીય વર્તન વ્યવહાર કર્યો નથી તેનું પરિણામ છે..

મિત્રો..

સંક્ષિપ્તમાં કહું તો એક શબ્દ યાદ રાખો.

સુખમાં છકી ન જવું અને દુ:ખ માં નાસીપાસ ન થવું.

સમયનું કામ પસાર થવાનું છે. ઘડિયાળને ઊંધી કરવાથી સમય રોકાતો નથી કોઈ ના ખરાબ કે સારા દિવસ કાયમ રહેતા નથી તેથી તેને અપમાનિત કરવાનું સાહસ કદી કરવું નહીં ઈશ્વર દયાળુ છે પણ સમય દયાળુ નથી. તે સ્થળ અને સંજોગ જોઈ ઘા કરતો હોય છે.

કઠોર મહેનત કર્યા પછી ઈશ્વર પાસે માંગો છતાં પણ ન મળે તો સમજો સારા કર્મનું બેલેન્સ ઓછું છે એ વધારવા પ્રયત્ન કરો.

ઈશ્વરનું નામ લેવાથી સંપતિ મળે છે એ ભૂલ છે. હા પણ ઈશ્વરનું નામ લેવાથી શાંતિ સલામતી, ધૈર્ય, સંયમ આત્મવિશ્વાસ, કરુણા જેવા અદ્રશ્ય ગુણ આપણામાં આવે છે જે આપણા જીવનના પ્રેરક બળ બની રહે છે.

## આ મેસેજ ઘર ઘરની કહાની છે !
## કોઈને વ્યક્તિગત સલાહ કે સુચન નથી !

આજે અમાપ સગવડોની વચ્ચે આપણે અને ખાસ તો આપણાં સંતાનો દુ:ખી કેમ છીએ ?

અને

સગવડોના અભાવ વચ્ચે આપણા વડવાઓ સુખી કેમ હતા ?

આ પ્રશ્ન લગભગ દરેકના મનમાં ઘુંટાય છે.

જવાબ : સૌ પ્રથમ તો સંતોષ

બીજુ ચાદર જેટલી જ સોડ તાણવાની આદત.

ત્રીજુ સંયુક્ત કુટુંબની આદર્શ પ્રથાના કારણે એકબીજાની હુંફ મળી રહેતી અને નબળા પણ નભી જતા,

ચોથુ ઘરના તમામ સભ્યોનો એકબીજાને સહકાર,

અને

સૌથી અગત્યનું ભગવાનમાં શ્રધ્ધા અને ધર્મ ધ્યાન !

અને

આ બધાના કારણે તણાવનો અભાવ !

રહેણી કરણીની પદ્ધતિ :

આપણા પિતાજી સાયકલ પર કે ચાલતા કામે જતા બહારગામ જવું પડે તો એસ.ટી.ની બસમાં અને ટ્રેનોમાં જ ફરતા, બે જોડી કપડાં અને એક સેન્ડલ – ચંપલ પર આખું વર્ષ ખેંચી કાઢતા, લગ્ન વખતે સીવડાવેલ સુટ, મોસાળામાં મળેલી ઘડિયાળ, ગીફ્ટમાં આવેલી એક વીંટી અને ઘરેથી મળેલ એક ચેઈન સિવાય બીજી કોઈ ફેશન કે ઘરેણાની તેમને અપેક્ષા જ નહોતી !

આપણી મમ્મી : આખા વર્ષનું અનાજ, કઠોળ, દાળ સીઝન પર સસ્તામાં બેસ્ટ માલ શોધી લાવી જથ્થાબંધ ખરીદતી, બધું જાતે સાફ કરી દિવેલથી જાતે મોવાનું કરીને બધું સાચવતી, વર્ષમાં ત્રણ વાર પીપડા ભરેલ અનાજ, કઠોળ, દાળ જાતે ઉલેચીને, તડકે તપાવતી અને ફરીથી ભરતી જેથી કશું સડી ન જાય, ડોલ અને બેડાં ભરીને પાણી ભરતી, કપડાં, વાસણ, કચરા, પોતાં, રસોઈ, ઈસ્ત્રી બધું જાતે કરતી, બહારના નાસ્તા, મિઠાઈ નુકસાન પણ કરે અને મોંઘા પણ પડે એટલે જાતે બનાવતી, અથાણાં, પાપડ, ચિપ્સ, ફરાળી કાતરી બધું જ જાતે બનાવતી, હોટલમાં તો જવાનું જ શેનું.....? બધું ઘરે બનાવતી !

આપણને આપણાં દાદા–દાદી જ સાચવતાં, ના કે બેબી સિટર, આપણે ભાખરી, દુધ ખાતા, ના કે બ્રેડ અને કુકીઝ,

કદાચ આપણા પૈકી ઘણા આપણા પપ્પા, કાકાનાં જુનાં કપડામાંથી કાપકૂપ કરીને ફરીથી સિલાઈ કરાવેલા દરજીએ આપણા માપનાં બનાવી આપેલાં કપડાં પહેરતા, આખા મહોલ્લા વચ્ચે એક બોલ બેટ, એક કેરમ, એક પત્તાની જોડ અને એક સાપસીડી. બસ આ જ આપણી દુનિયા હતી !

આપણે સ્કુલે દોડતા જતા હતા.

એકનું એક દફતર ભણી લઈએ ત્યાં સુધી ચાલે, નોટબુકના વધેલાં પાનામાંથી બુક બાઈન્ડિંગ કરાવીને નવી નોટ બનાવતા, મોટા ભાઈ–બહેનો કે અડોશ–પડોશના છોકરાઓની જુની ચોપડીઓથી ભણી લેતા !

